અપંગોને કાયમી ઓળખપત્રો કાઢી આપવા માટેની માર્ગદર્શક સૂચનાઓ નક્કી કરવા બાબત.

ગુજરાત રાજ્ય,

સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૮૪/૧૬૩૧(૮૬)/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨૮/૧૦/૮૬

વંચાણમાં લીધા: (૧) આ વિભાગના તા. ૧૬-૬-૮૬ ના ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૮૪/૧૬૩૧(૮૬)/છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાનો તારીખ ૧૬-૭-૮૬ નો પત્ર ક્રમાંક: પજન/નવી બાબત ૮૬-૮૭/૨૦૫.

<u>ઠરાવ :-</u>

અપંગોને ઓળખપત્રો કાઢી આપવા માટે આ વિભાગના તા. ૧૬-૬-૮૬ ના ઠરાવથી પચાસ હજાર (૫૦,૦૦૦) ની સંખ્યામાં ઓળખપત્રો છપાવવાનું નક્કી કરવામાં આવેલ છે. ઓળખપત્રનો નમૂનો પણ નિયત કરવામાં આવેલ છે. આ નિયત નમૂના પ્રમાણે ઓળખપત્રો કાઢી આપવા અપનાવવાની પદ્ધતિ અંગે માર્ગદર્શક સૂચનાઓ નક્કી કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ આ ઠરાવ સાથેના બીડાણમાં દર્શાવેલી અપંગ વ્યક્તિઓને ઓળખપત્રો કાઢી આપવા માટેની માર્ગદર્શક સૂચનાઓને મંજૂર કરવાનું ઠરાવેલ છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાએ નિયત ઓળખપત્રો સરકારી પ્રેસ મારફતે તાત્કાલિક છપાવવાનું કામ પૂર્ણ થાય અને સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જરૂરિયાતની સંખ્યામાં ઓળખપત્રો મોકલવા અંગેની જરૂરી કાર્યવાહી ત્વરીત હાથ ધરવાની રહેશે. તેમજ નક્કી કરવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓ મુજબ અપંગ વ્યક્તિઓને ઓળખપત્રો મેળવવા માટેનાં અરજીપત્રકો સત્વરે મળી રહે અને

115



અપંગોને ઓળખપત્રો કાઢી આપવાની કાર્યવાહી સત્વરે શરુ થાય તે અંગે યોગ્ય વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

[signature]

( એમ. ડી. મહેતા )
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

બિડાણ: માર્ગદર્શક સૂચનાઓ.

પ્રતિ,

૧. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, અમદાવાદ.
૨. મહાલેખાધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ.
૩. પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ.
૪. સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
૫. સર્વે સમાજ સુરક્ષા અધિકારી કમ જિલ્લા પ્રતિબંધક અધિકારીઓ
૬. માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. આ વિભાગની સર્વે શાખાઓ.
૮. નાયબ સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ.
૯. નિયામકશ્રી, માહિતી ખાતુ, ગાંધીનગર, આ યોજનાને બહોળી પ્રસિદ્ધિ આપવાની વિનંતી સાથે.
૧૦. બજેટ શાખા, સમાજ કલ્યાણ વિભાગ.
૧૧. સર્વે જિલ્લાના સિવિલ સર્જનશ્રીઓ
૧૨. પસંદગી ફાઇલ.

ન.જ.મ./૨૮-૧૦/૯૨.

અપંગ વ્યકિતઓને ઓળખપત્ર કાઢી આપવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ.

------- X --------

૧. ગુજરાત રાજ્યની અપંગ વ્યકિતઓએ અપંગતાનુ કાયમી ઓળખપત્ર મેળવવા માટે તેઓ જે જિલ્લાના રહેવાસી હોય તે જિલ્લાના, સમાજ સુરક્ષા અધિકારીને નિયત/નમુનો આ સાથે સામેલ છે.
નમૂનામાં અરજી કરવાની રહેશે. અરજીપત્રકનો

૨. ઓળખપત્ર કાઢી આપવા માટેની ફી પેટે રુા. ૧૦/- (રુપિયા દસ પુરા ) રોકડેથી અથવા મનીઓર્ડરથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને આપવાના રહેશે. જિલ્લા/ સુરક્ષા અધિકારી તેમને મળેલ રુા. ૧૦/- ની ફી મળ્યા અંગેની પહોંચ આપશે.

આ ઓળખપત્રો અંગેની ફી સદાજપત્રના સદર "બી નોનટેક્ષ રેવન્યુ-સી-અધર નોનટેક્ષ રેવન્યુ - II સ્પેશ્યલ એન્ડ કોમ્યુનીટી સર્વીસીસ ૦૮૮-સ્પેશીયલ સીકયોરીટી એન્ડ વેલ્ફેર રીસીપ્ટ ઓફ કરેકશનલ સર્વીસીસ હેઠળ જમા કરાવવાની રહેશે.

૩. અરજદારે અરજીની સાથે પાસપોર્ટ સાઈઝના તાજેતરમાં પડાવેલા બે ફોટા મોકલવાના રહેશે જે પૈકી એક ફોટો અરજી ઉપર ચોંટાડવાનો રહેશે.

૪. અરજદારે અરજીની સાથે અપંગતા માટેનુ જે તે જિલ્લાના સિવીલ સર્જન પાસેથી મેળવેલું પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે. સિવીલ હોસ્પિટલના સંબંધિત વિભાગના વડા યોગ્ય ચકાસણી કરીને આ પ્રમાણપત્ર આપે તેના ઉપર સિવીલ સર્જનના પ્રતિ હસ્તાક્ષર જરુરી રહેશે.

117



૫. અપંગતાની માત્રા અને પ્રમાણ અંગે નીચેના માપદંડ ધ્યાનમાં લેવાના રહેશે.

(અ) અંધ:- નીચે જણાવેલ કોઇ પણ એક પરિસ્થિતિ ધરાવતી વ્યકિતઓને અંધ ગણવાની રહેશે.

(૧) દ્રષ્ટિનો બિલકુલ અભાવ.

(૨). સારી આંખમાં ચશ્મા સાથે વધુમાં વધુ ૬/૬૦ કે ૨૦/૨૦૦ (સ્નેલન) થી વધુ ન હોય તેટલી દ્રષ્ટિક્ષમતા

(૩) ૨૦ કે તેથી વધુ ખૂણાની મર્યાદિત દ્રષ્ટિથી જોઇ શકવાની શકિત ધરાવતી મર્યાદા.

(બ) બહેરા:- જીવનના સામાન્ય હેતુઓ માટે સાંભળી શકવાની બીન કાર્યક્ષમતા ધરાવતા વ્યકિતઓને બહેરા ગણવાના રહેશે. તેઓ મોટા અવાજે બોલેલુ બીલકુલ સાંભળી કે સમજી શકતા નથી, બંને કાનોથી સાંભળી શકવાની બીલકુલ ખામી અથવા જેઓ સામાન્ય રીતે ૫૦૦, ૧૦૦૦, ૨૦૦૦ ફ્રીકવન્સીઓ ૭૦ અથવા તેથી વધુ ડેસીબલે સંભળાતુ ન હોય તેવી બહેરાશ ધરાવતા હોય.

(ક) <u>શારીરિક ખોડખાંપણ /વિકલાંગ</u>

(૧) પોલીઓ પછીનો લકવા
(૨) પક્ષઘાત, પૂર્ણ અર્ધાંગ અથવા ચતુર્થાંશ અંગ
(૩) અસ્થિભંગ

(૪) સ્નાયુઓનો લકવા

(૫) પંગુતા

(૬) અંગની પીડાકારક લઘુતા

(૭) અંગનુ ટૂંકાપણુ

(૮) જન્મજાત અથવા પાછળથી આવેલી શરીરના વિવિધ અંગ પરની ખોડ કે વિકૃતિ.

નોંધ:- ઉપર દર્શાવ્યા પૈકીની કોઇપણ અપંગતા વ્યકિતના સામાન્ય રોજબરોજના કામકાજ કે વ્યવહારમાં ખરેખર અવરોધરુપ હોય તો જ અપંગ વ્યકિત તરીકે ગણી શકાશે.

૬. અપંગતા અંગે અરજદારે રજુ કરેલ પ્રમાણપત્રની ચકાસણી કરીને સમાજ સુરક્ષા અધિકારી આવેલ અરજીપત્રકમાંની વિગતો તપાસી નિયત ફી મેળવી અપંગ વ્યક્તિને ઓળખપત્ર આપશે.

૭. આ અંગે સમાજ સુરક્ષા અધિકારી તેમને મળેલ અરજીઓની વર્ષવાર જુદી ફાઇલ રાખશે અને આ સાથે બિડવામાં આવેલ નિયત નમુના મુજબના રજીસ્ટરમાં તેની નોંધ રાખશે.

૮. ઓળખપત્ર આપ્યાની તારીખથી પાંચ વર્ષ માટે તે માન્ય ગણાશે. ઓળખપત્ર ફાટી જાય અગર નુકસાન પામે કે ખોવાઇ જાય તેવે પ્રસંગે નવું ઓળખપત્ર કાઢી આપવા માટે સમાજ સુરક્ષા અધિકારીને ફરીથી અરજી કરવાની રહેશે.

૯. ઓળખપત્ર એકવાર કાઢી આપ્યાની તારીખથી પાંચ વર્ષના ગાળાની અંદર ફરીથી ઓળખપત્ર મેળવવા માટે અરજદારે રૂા. ૧૫/- (રુપિયા પંદર પુરા) ની ફી ભરવાની રહેશે.

૧૦. ઓળખપત્ર તબદીલીપાત્ર નથી આથી ઓળખપત્રનો ઉપયોગ જે તે વ્યક્તિએ જ કરવાનો રહેશે.

૧૧. સમાજ સુરક્ષા અધિકારીએ તેમની પાસેના ઓળખપત્રો સેફ કસ્ટડીમાં રાખવાના રહેશે અને વપરાયેલા તેમજ નહી વપરાયેલાં ઓળખપત્રોનો માસવાર હિસાબ રાખવાનો રહેશે.

૧૨. ઓળખપત્ર કાઢી આપવાની કામગીરીમાં કોઇ પ્રસંગે વિવાદ ઉપસ્થિત થાય ત્યારે અરજદાર નિયામકશ્રી સમાજ સુરક્ષાને રજુઆત કરી શકશે અને નિયામકશ્રી સમાજ સુરક્ષાનો ચુકાદો આખરી ગણવામાં આવશે.